

ચારૂપ તીર્થ

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 10 • Issue 8 / 118 • August 2016 • Mumbai • Page 16 • Price Rs. 2/-
RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email: patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



સુંદર અને સક્ષમ સમાજના નિર્માણ માટે સંસ્થાને એજ્યુકેશન તેમજ મેડીકલ સહાય આપવા આર્થિક ફંડ બહોળું કરવાની વાત અવારનવાર મેં જુદા જુદા માધ્યમથી આપની સમક્ષ કરી છે.

આજે આપ સૌની સમક્ષ સમાજના આર્થિકરીતે જરૂરિયાતવાળા વર્ગની દારિદ્રતા-મજબુરી અને નિઃસહાયતાને દૂર કરવા નક્કર આકડાઓ સાથે રજૂઆત કરવાનું મને અતિઆવશ્યક લાગે છે, જે વાચ્યા પછી સમાજના સાધન સંપન્ન વર્ગને આ ક્ષેત્રે મદદરૂપ થવાની લાગણી જરૂરથી થશે જ. આ અંગેની વધુ વિગતો આગામી અંકોમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

શ્રી પાટણ જૈન મંડળ પાટણના ૩૦૦ જેટલા પરિવારોને અલગ-અલગ રીતે આર્થિક મદદ કરે છે. આર્થિક સહાય લગભગ ૭૦ જેટલા પરિવારોને આપવામાં આવે છે એ ઉપરાંત ભાડા સહાયરૂપે લગભગ ૧૦૦ પરિવારોને, મહિલા ઉત્કર્ષ ફંડમાંથી લગભગ ૫૦ પરિવારોને તથા વૃદ્ધજન સહાયમાં લગભગ ૧૦૦ થી પણ વધારે પરિવારો મંડળ પાસે આર્થિક સહાયની અપેક્ષા રાખે છે.

**(૧) ભાડા રાહત:** શ્રી પાટણ જૈન મંડળ ભાડા રાહતરૂપે લગભગ ૭૦ પરિવારોને મદદ કરે છે. આમાના કેટલાક પરિવારોની માસિક ભાડારાહતરૂપે સરેરાશ રૂા. ૫૦૦૦/-ની આવશ્યકતા હોય છે. તેની સામે મંડળ વાર્ષિક વધારેમાં વધારે રૂા. ૪૦૦૦/- આપી શકે છે. ગયા વરસે આ ૭૦ પરિવારોને મંડળે કુલ રૂા. ત્રણ લાખથી પણ ઓછી રકમ આપી હતી. અનેક પરિવારોને અત્યારે રિડેવલપમેન્ટમાં ગયેલ મકાનો માટે લોકોને ભાડા રાહત પેટે તાત્કાલિક મોટી રકમની જરૂરિયાત ઊભી થતી હોય છે. અપૂરતા ફંડના અભાવે મંડળ ખૂબજ ઓછી રકમની આર્થિક સહાય આપે છે.

**(૨) મહિલા ઉત્કર્ષ:** પાટણ સમાજમાં લગભગ ૫૦ જેટલી મહિલાઓ મંડળ પાસે જીવન નિર્વાહ મદદ માંગે છે. આમાં ઘણી મહિલાઓ વિધવા/ત્યક્તા હોય છે, કોઈ કોઈ સંજોગોને કારણે

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું પાંચ)

## *From President's Desk...*

We have always spoken about the education and medical needs of our community. This time I would like to draw your attention towards the social upliftment of our Patan families

PJM provides financial help to approximately 300 families of Patan. Financial help to 70 families, rent is given to 100 families, women empowerment helps to 50 families and around 100 old aged people are provided monetary help. The statistics are as follows

**1) House Rent Help –** We provide around 70 families annually Rs. 4000/- each which amounts to less than Rs. 3 Lac. However due to redevelopment and increase in rent charges they require around Rs. 5000/- monthly. Due to our decrease fund we cannot help them enough

**2) Women Empowerment -** We provide around 50 Women annually Rs. 8000/- each which amounts to Rs. 4 Lac yearly. These women are either widow or divorcee and are sole earning members of family of 3 to 4. Their condition is really poor and we need to pay attention to their needs

**3) Old age Help -** We provide monetary help to 100 old people above the age of 65 years by giving them 9000/- annually. Some of them are 80 plus who live entirely alone. Due to increasing expences this amount is very less. We too need to look into this matter.

**4) Financial Help -** It's difficult to make two ends meet for today's middle class. We should help them in whatever way we can Patan Samaj has always paid attention to educational, medical help and social upliftment. We have provided help to Patanis not only in Mumbai but also Surat, Baroda, Ahmedabad etc.

(Cont'd on Pg 5)

Come One

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતિ અને વિલેપાર્લે ચેપ્ટર

Come All

સહર્ષ રજૂ કરે છે...



# દાંડિયા રાસની રમઝટ



Saturday, 24-09-2016, 6.00 pm onwards

Jashoda Rang Mandir Ground, Vile Parle (W), Mumbai

## Musical Evening Highlights

- You will be delighted to Meet, Greet & Mingle.
- Dance to the Popular tunes of Drum Beats
- 2 Nos. Large LED Video Screens
- Enjoyable time to spend with family, friends & relatives
- Just 8 days prior to Navratri
- Win Fabulous Prizes for Best Dress & Dance

**Donation Pass Rs. 150/- available at**
**Shree Patan Jain Mandal**

| | |
|---|---|
| **Marine Drive** | : 77, Patan Jain Mandal, Marinedrive, Mumbai - 400020 • Tel. : 22811346, 9167902267 |
| **Goregaon** | : Rupam, 152, Jawahar Nagar, Goregaon (W), Mumbai - 400062 • Tel. : 28776090 |
| **Borivali** | : A-23/1, Ratan Nagar, D. N. Dube Marg, Borivali (E), Mumbai - 400068 • Tel. 28911308 |
| **Vile Parle** | : Janakbhai 10 Vibhavasu, 2nd Flr., Tejpal Rd., Vileparle (E), Mumbai-57 • Tel. 26114765 |
| **Nagdevi** | : Elegant Spares & Service, 42, Nagdevi X Lane, Mumbai-400003 • Tel. 23441018 |

**More details please contect Shree Patan Jain Mandal**
**& Programm Commitee Members**

***Sponsored by :***

***Main Sponsorer :***

TEJAL RAJU (BELTAJ) SHAH
*FOFALIYAWADO-POLNI SHERI. ANTWERP, BELGIUM*

SHRI RAMESHCHANDRA CHHABILDAS JHAVERI PARIVAR
*FOFALIYAWADO-MANMOHANJIN SHERI*

***Co-Sponsorer :***

BHAGVATIBEN VINODCHANDRA SHAH (MATLIWALA)
*KANASANO PADO.* Haste Shri DANESH,BHAGYESH, SUKESH, DHIREN.

SHRI SHARADBHAI KUSUMCHANDRA DAHYABHAI SHAH
*KESHUSETHNO PADO*

**ખાસ નોંધઃ દાંડિયા રાસના વિશાળ ખર્ચને પહોંચી વળવા અન્ય દાતાઓ આવકાર્ય રહેશે.**

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

પોતાના પતિથી અલગ રહેતી હોય છે. આ મહિલાઓના પરિવારમાં મોટે ભાગે કોઈ પુરુષ કમાનાર નથી. મંડળ આ મહિલાઓને વાર્ષિક સરેરાશ રૂા. ૮૦૦૦/- આપી રહી છે. મંડળનું બજેટ આ મહિલાઓ માટે વાર્ષિક રૂા. ચાર લાખ છે. આ મહિલાઓના પરિવારમાં ઘણીવાર ૩-૪ સભ્ય હોય છે જે નીભાવ માટે આ મહિલા ઉપર આધાર રાખતા હોય છે. જ્યારે ખાસ કરીને આપણા સમાજની વિધવા બહેનો પણ પ્રતિકૂળ સંજોગોમાં જીવી રહી છે ત્યારે સમાજે એ તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

**(૩) વૃદ્ધજન સહાયઃ** પાટણના ૧૦૦થી પણ વધારે ૬૫ વર્ષ કે તેથી વધુ વયના વૃદ્ધજનો સમાજ પાસે આર્થિક સહાય માંગી રહ્યા છે. ઘણા વૃદ્ધજનોની વય ૮૦ વર્ષથી પણ વધારે છે. દુઃખ સાથે આપણે એ વાતની નોંધ લેવી પડે છે કે કેટલાય વૃદ્ધજનો એકલ-દોકલ જીવન જીવી રહ્યા છે. આ વૃદ્ધજનોને સરેરાશ આપણે વાર્ષિક માત્ર રૂા. ૯૦૦૦/- આપી રહ્યા છીએ. આ કાળ-ઝાળ મોંઘવારીમાં આ રકમ ઘણી જ ઓછી છે, તેથી આ વ્યક્તિઓ અસહાય સ્થિતિમાં જોવા મળે છે જે દુઃખદ બાબત ગણાય.

**(૪) આર્થિક સહાયઃ** સંજોગોને આધિન મધ્યમ પરિસ્થિતિના પરિવારોને ઘરના આવક-ખર્ચના બે છેડા સરખા કરવા દુષ્કર છે. ત્યારે સંસ્થામાં સમાજના પરિવારો તરફથી આવતી આર્થિક સહાય મેળવવાને અરજીઓ પેટે વધુમાં વધુ વાર્ષિક રૂા. ૯૦૦૦/-ની મદદ કરી શકાય છે. જ્યારે તેમની જરૂરિયાત માસિક રૂા. ૧૦ હજારની હોય છે.

પાટણ સમાજ પ્રગતિશીલ સમાજ છે. એજ્યુકેશન, મેડીકલ અને સમાજ ઉત્કર્ષની અનેક પ્રવૃત્તિઓને પાટણ જૈન મંડળ વરસોથી પ્રોત્સાહન આપી રહ્યું છે. વધતી જતી મોંઘવારીમાં સમાજના અગાઉ જણાવ્યા અનુસારના લગભગ ૩૦૦ પરિવારજનો દારૂણ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે. પાટણ સમાજના કેટલાક પરિવારો પૂના, સુરત, વડોદરા, અમદાવાદ, શિરપુર વિગેરે અનેક સ્થળેથી પાટણ જૈન મંડળ પાસે આર્થિક સહાય માટે મીટ માંડી રહ્યા છે. અમારી ભાવના આવા પરિવારોને મદદરૂપ થવાની છે. મંડળના હોદ્દેદારો, કાર્યકરો અને ઓફિસ સ્ટાફ પણ હંમેશા સમાજના પરિવારને સહાય આપવા તત્પર હોય છે. અમારી મર્યાદા ઓછા કોર્પસ ફંડને કારણે છે. ઘટતા વ્યાજદરથી પણ આપણી પ્રવૃત્તિઓપર અસર પડી રહી છે. હું, શ્રી પાટણ જૈન મંડળ જ્યારે શતાબ્દિ ઉજવી રહ્યું છે ત્યારે આપણી એક ફરજ બને છે. માટે હું સમાજના સાધન સંપન્ન પરિવારોને સમાજના સાધર્મિકોને ભાડારાહત, આર્થિક સહાય, વૃદ્ધજન સહાય તેમજ મહિલા ઉત્કર્ષ ફંડમાં ઉદાર હાથે અને ખુલ્લા દિલે રકમ આપવા હાર્દિક વિજ્ઞપ્તિ કરું છું.

સમાજના પરિવારોને મદદરૂપ થવાના અભિગમ સાથે આપને કોઈ અધિક માહિતીની જરૂરિયાત હોય તો નીચે જણાવેલ સભ્યોનો સંપર્ક સાધવા વિનંતી.

## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

Due to decrease interest rate we are in short of funds. I request all well to do Patani families to contribute generously for these causes so that we help our Patanis fellows

Trade Fair "Patni for Patnis" is being held on Sunday 2nd October 2016 at Hotel Sahar International, Near Domestic Airport. I hope maximum people take part in this fair and make this event a huge success.

Program Committee have this year too organised a Dandiya Raas Program on Saturday 24th Sep. 2016 at Jashoda Rand Mandir. I hope maximum people take part in it.

Our "Parvadhiraj" "Paryushan" are approaching soon. I hope we do but "Aradhana" in these days. The main theme of "Paryushan" is Forgiveness or ""Shamapana". I hope by saying "Michami Dukdam" to everyone we celebrate the true meaning of Paryushan.

I on behalf of my office bearers, members & staff, if we have hurt anyone knowingly or unknowingly I wish everyone "Michami Dukdam"

❑ **Dinesh Shantilal Shah**

| | |
|---|---|
| શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ | - ૯૩૨૨૨૨૫૨૭૦ |
| શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ | - ૯૮૧૯૨૯૪૯૬૪ |
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | - ૯૮૨૦૫૨૨૯૩૬ |
| શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ | - ૯૯૮૭૬૮૨૫૫૧ |
| શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા | - ૯૯૩૦૮૯૧૯૮૫ |
| શ્રી મનુભાઈ જોષી (મેનેજર) | - ૯૮૨૦૬૯૫૬૨૬ |

Patani for Patani

સમાજના આર્થિક ઉત્કર્ષ માટે શ્રી પાટણ જૈન મંડળ ટ્રેડ-ફેરનું આયોજન તા. ૨-૧૦-૨૦૧૬ને રવિવારે એરપોર્ટ પાસે આવેલ 'હોટલ સહારા'માં કરી રહેલ છે. હું આશા રાખું છું કે, સમાજ આ ટ્રેડ-ફેરમાં ઉત્સાહભેર ભાગ લઈને તેને સફળ બનાવશે. ''પટણી ફોર પટણી'' એ સૂત્રને અપનાવીને આપણે ઉદ્યોગ ધંધાના વિકાસ માટે એકબીજાને મદદરૂપ થઈએ.

પ્રોગ્રામ સમિતિ ગયા વર્ષનાં **દાંડિયારાસના** સફળ આયોજનબાદ આ વર્ષે તા. ૨૪-૯-૨૦૧૬ના જશોદા રંગમંદિર ખાતે ફરી આયોજન કરે છે, તેમાં આપણે સૌને ઉત્સાહભેર ભાગ લેવા વિનંતી કરું છું.

શાસ્ત્રકારોએ પર્યુષણને 'પર્વાધીરાજ' તરીકે ઓળખ આપી છે. આપણે સૌ પર્યુષણમાં સારામાં સારી આરાધના કરીશું એવી હું આશા રાખું છું. પર્યુષણનું હાર્દ 'ક્ષમાપના' છે.

હું મંડળના હોદ્દેદારો, કાર્યકરો અને સ્ટાફ વતી આપ સૌને જાણતાં કે અજાણતાં કોઈને દુઃખ થયું હોય તો ક્ષમા માગુ છું.

**''મિચ્છામિ દુક્કડમ્''**

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## તંત્રી સ્થાનેથી...

૧૯૭૯ની ૧૫મી ઑગસ્ટે સૌ પ્રથમ પ્રકાશીત થયેલ આપણા સમાજનું મુખપત્ર 'પાટણ પ્રતિબિંબ'ની જેને આજે ૩૭ વર્ષ પૂર્ણ થયા અને ૩૮માં વર્ષમાં પદાર્પણ કરેલ છે, ત્યારે જન્મોત્સવના વધામણા આપતા આનંદ અનુભવાય છે.

૩૭ વર્ષ અગાઉ શ્વેત કાગળ અને શ્યામ સહીથી પ્રકાશીત થતું મુખપત્ર આજે આર્ટ પેપર અને મલ્ટીકલરમાં પ્રકાશીત થઈ રહેલ છે, તેની પ્રત્યેક મહિનાની છેલ્લી તારીખો દરમિયાન રાહ જોવાય છે.

તંત્ર વિજ્ઞાનની પ્રગતિના પરિણામે પોસ્ટ થયા પહેલા અંક www.patanmandal.org ઉપર અપલોડ કરાય છે અને વિશ્વભરમાં વંચાતું જાય છે.

પાટણ પ્રતિબિંબના માધ્યમે સમાજના લેખક મિત્રો દ્વારા કવિતા કે લેખના સ્વરૂપે થયેલ સાહિત્ય સર્જનનું પ્રકાશન કરવામાં આવે છે, જેમાંથી પ્રતિવર્ષ ત્રણ ઉત્તમ કૃતિઓને **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી બિરાદવવામાં આવે છે. પર્યુષણ દરમ્યાન થયેલ નાની-મોટી તપશ્ચર્યાની વિગતો તેમજ એસ.એસ.સી. કે તેથી વધુ ડીગ્રી ડીપ્લોમા કોર્ષમાં સારા ગુણાંક મેળવી ઊર્તિણ થયેલ વિદ્યાર્થી મિત્રોની નામાવલી પ્રકાશિત કરવામાં આવે છે. સંસ્થા સમાચારમાં મહોલ્લાના ઉત્સવો કે મિત્રમંડળ દ્વારા યોજાયેલ કાર્યક્રમનો ટૂંકમાં સાર પ્રસારીત કરાય છે. આ ઉપરાંત સમાજમાં સિદ્ધિ મેળવનાર સદસ્યોની યશગાથા પણ પ્રકાશિત કરવામાં આવે છે. મંડળમાં નાની મોટી રકમના દાન આપનાર દાતાઓની નામાવલી તેમજ મંડળ દ્વારા થયેલ વિવિધ કાર્યક્રમોના અહેવાલ અને ફોટાઓ સાથે છાપવામાં આવે છે, જેને સમાજ તરફથી સુંદર આવકાર પ્રદાન થાય છે.

આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળને ૧૦૪ વર્ષ થયા અને આપણે સંસ્થાની શતાબ્દિની ઉમળકાભેર ઉજવણી કરવાના છીએ. ગત વર્ષોમાં સંસ્થાએ અને સમાજે સમયાંતરે યોગ્ય લાગ્યુ તે રીતે સમાજઉત્કર્ષ માટે રહેઠાણની યોજનાઓ, સ્કુલ, કૉલેજ, બોર્ડીંગ, અતિથિગૃહ, જ્ઞાનપીઠ, સ્નાનાગાર, વસ્તીપત્રક, પરિચય પુસ્તિકા, સમાજનું મુખપત્ર પાટણ પ્રતિબિંબ તેમજ સાર્વજનિક ધોરણે લાયબ્રેરી તથા હેલ્થકેર સેન્ટરોની સુવિધાઓ પુરી પાડી છે.

સમાજના નબળા વર્ગના કુટુંબો માટે આર્થિક સહાય, સમાજના ૬૫ વર્ષ કે તેથી વયના વૃદ્ધજનો માટે વૃદ્ધજન સહાય, સમાજની વિધવા કે ત્યક્તા બહેનો માટે મહિલાઉત્કર્ષ સહાય ઈત્યાદિ જુદી જુદી યોજનાઓ હેઠળ આવરીને આર્થિક સહાય આપવામાં આવે છે.

આજે આપણા પ્રમુખશ્રીએ એમના પત્રમાં સૌમ્યભાષામાં સિક્કાની બીજી બાજુ જણાવી છે. લાભાર્થીઓની સંખ્યા અને સંસ્થા દ્વારા અપાતી સહાયની વિગત આપી છે, તે જોતા **''આભ ફાટ્યુ હોય ત્યા આપણા દ્વારા થિગડુ દેવાય છે''** તેવો ઘાટ છે. આપણા સાધર્મિકોની ખરેખરની જરૂરિયાત સામે એના દસમા ભાગની જ રકમ ફાળવી શકીએ છીએ. **આર્થિક અને મહિલાઉત્કર્ષ તેમજ વૃદ્ધજન સહાયના ભંડોળમાં પુષ્કળ વધારો થશે તોજ આપણે જરૂરિયાતવાળાઓને ખરેખર મદદરૂપ થઈ શકીશું.**

આપણા સમાજના સંવેદનશીલ, સાધનસંપન્ન સભ્યો પ્રતિવર્ષ પાંચ-દસ કે વીસ કુટુંબોને એડોપ્ટ કરે, કુટુંબદીઠ રૂા. ૨૫૦૦/- ભાડા રાહત માટે, રૂા. ૩૦૦૦/- મહિલાઉત્કર્ષ માટે કે વૃદ્ધજન સહાય વ્યક્તિ દિઠ રૂા. ૧૫૦૦/- જેવી રકમ નક્કી કરી સંસ્થાને ભેટ મોકલાવી આપે તો ચાલુ વર્ષે આપણે આપણા સાધર્મિક કુટુંબોને સાચા અર્થમાં સહાયક થઈ શકીશું અને તેમને અન્ય સમાજ, સંસ્થા કે સંબંધિઓ પાસે હાથ લંબાવવો નહીં પડે અને સ્વમાન કે સન્માનપૂર્વક જીવનજીવી શકશે.

સંસ્થાની સમાજઉત્કર્ષ સમિતિ લાંબાગાળાના પ્રસંશનીય કાર્ય કરી રહી છે જેના પરિણામો આવતા બે-પાંચ વર્ષમાં દેખાશે. ટૂંકા ગાળાની ઉપર જણાવેલ પદ્ધતિથી આપણે આપણા જરૂરિયાતવાળા કુટુંબોને ઘણી સારી રીતે મદદરૂપ થશું. આ માટેની નક્કર યોજનાઓ ટૂંક સમયમાં જાહેર થશે તેમાં સૌના સહકારની અપેક્ષા છે.

આ અંક આપના હાથમાં આવશે ત્યારે પર્યુષણ મહાપર્વનો પ્રારંભ થઈ ગયેલ હશે અને ચાર્તુમાસાર્થે બિરાજમાન સાધુ-સાધ્વીજી ભગવંતોને મુખે જિનવાણીનું શ્રવણ થઈ રહેલ હશે, સાથોસાથ આઠ દિવસો દરમ્યાન પાંચ કર્તવ્યો, કલ્પસૂત્ર, ગણધરવાદ તથા બારસાસૂત્રનું વાંચન અને નિત્ય દેવશી-રાઈ પ્રતિક્રમણાદિ આરાધનાઓ તેમજ તપશ્ચર્યા પણ થઈ રહેલ હશે.

સંવત્સરી મહાપર્વના અવસરે સમાજના આપ સર્વે ભાઈ-બહેનોનું વર્ષ દરમ્યાન જાણતા કે અજાણતા મન-વચન કાયાના યોગે હૃદય દુભાયું હોય તો પ્રતિક્રમણ કરતા અગાઉ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચતા **મિચ્છામિ દુક્કડમ...!!**

**❑ સંપાદક સમિતિ**


**DIVINE SKIN AND HAIR CLINIC**

**DR. DIMPLE BHANKHARIA**
*MBBS, DVD, DDV, DNB (Dermatology)*

ADVANCED SOLUTIONS AVAILABLE FOR ALL DERMATOLOGY, COSMETOLOGY AND TRICHOLOGY PROBLEMS

Plot No. 177, Rajaram Niwas Building,
Ground Floor, Hindu Colony, Near Laud Clinic,
Dadar (E), Mumbai - 400014

CONTACT
24179144, 9702162393, 64108080

ADVT

**મકાન વેચવાનું છે**

પાટણ, ગોળશેરી વિસ્તારમાં, વખારના પાડામાં આવેલ ત્રણ મજલાનું મકાન, ઢંઢેરવાડાના દરવાજાની સામે આવેલ મકાન વેચવાનું છે.
સંપર્ક : પ્રકાશ શાહ
મો. 9224426117

ADVT

**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

Ashokbhai Salvi 09925233484 | Viral Salvi 09925651695 | Ujjaval Salvi 09825448498 | Nirmal Salvi 09898143484

Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com

ADVT

# ''દિશા'' કાર્યશાળા

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ કાર્યશાળા-પાટણ ખાતે દિવ્યાંગ બાળકો દ્વારા ધુપ, મોતીની આંગી અને મોતીહાર, ક્રોશીયો બટવા, પર્સ, જ્યુટ બેગ, રાખડી ઈત્યાદિ વસ્તુઓ બનાવવામાં આવે છે, જેનું પાટણ, મુંબઈ ખાતે વિતરણ કરવામાં આવે છે.

ધૂપ એવી વસ્તુ છે જેની આપણને નિત્ય જરૂરત હોય છે, ઘરે ધૂપ-દીપ કરવા, જિનાલય દર્શન વખતે અથવા તો યાત્રા પ્રવાસ ગયા હોઈએ ત્યારે કામ આવે માટે જ તેની રૂા. ૧૫/- તથા રૂા. ૧૫૦/- ની કિંમતના અલગ-અલગ પેકીંગમાં ડબ્બીઓ બનાવવામાં આવે છે. વધુ સુગંધી મોટી તથા જાડી ધુપની રૂા. ૩૦૦/-ની ડબ્બીઓ પણ ઓર્ડરથી બનાવવામાં આવે છે.

**દિશા કાર્યશાળામાં** બનતી વસ્તુઓ આપણને ઘરના જન્મદિન, લગ્નની પચીસ-પચાસ કે પંચોતેર વર્ષની ઉજવણી, શાળા કૉલેજમાં ઉત્તીર્ણ થયાની ઉજવણી, ધાર્મિક અનુષ્ઠાનો, પ્રાર્થના સભા, વ્યાખ્યાન, પ્રતિક્રમણ, સમાયિક, ધાર્મિક અનુષ્ઠાનો, પ્રાર્થના સભા, નાની મોટી તપશ્ચર્યાના પારણા ઈત્યાદિ સારા-નરસા પ્રસંગો સમયે પ્રભાવના કરવામાં ખુબ જ ઉપયોગી થઈ શકે છે.

આ ધૂપના વેચાણાર્થે રૂા. ૧૫૦૦૦/-ની રકમ આપી વાર્ષિક બાર વખત ધૂપની ડીલીવરી મેળવી શકો છો, અથવા તો આપ જણાવો તે ધર્મસ્થાનકો ખાતે પહોંચાડવાની વ્યવસ્થા થઈ શકે છે. બાળકો દ્વારા થ-તાં ઉત્પાદનોને ઘરોઘર પહોંચાડવાની આપણી નૈતિક જવાબદારી છે.

દિશા કાર્યશાળામાં હાલમાં લગભગ ૨૫ બાળકો કાર્ય કરી રહેલ છે જેઓને દર બેસતા મહિને પાટણ જૈન ભોજનશાળા ખા-તે મિષ્ટભોજન કરાવવામાં આવે છે. જેના ખર્ચમાં સહાયક થવાની ભાવનાવાળા દાતાઓ વાર્ષિક રૂા. ૨૧૦૦૦/-નું આર્થિક સહયોગ આપી સાધર્મિક ભક્તિનો લાભ મેળવી શકાશે.

કાર્યશાળામાં બનતી વસ્તુઓ આપ વેચાણાર્થે લઈને પણ સંસ્થાને સહાયક બની શકો છો.

દિશા કાર્યશાળામાં બાળકોને સંગીત શિક્ષણ શ્રી સંજયભાઈ રાવળના હાથ નીચે અપાઈ રહેલ છે. આ દિવ્યાંગ બાળકો ધાર્મિક પ્રસંગે બેન્ડ વગાડવા જાય છે તેમજ જિનાલયોના ધ્વજા મહોત્સવ તથા મહોલ્લાઓના ઉચ્છવો દરમ્યાન પણ બેન્ડ વગાડે છે અને ભાવનાઓમાં સંગીતની રજૂઆત પણ કરે છે. તાજેતરમાં કનાસાના પાડામાં શ્રાવણ સુદ ૫ શ્રી શાંતિનાથ ભગવાન તથા શ્રી શીતલનાથ ભગવાનની ધ્વજારોહણ નિમિત્તે બેન્ડ વગાડવા બોલાવેલ તે જોઈને તથા સાભળીને ઉપસ્થિત મહેરામણ ગદ્‌ગદ્‌ થઈ ગયેલ. આ બેન્ડનો લાભ લેવા ઈચ્છુકોએ પાટણ ખાતે કાર્યશાળાના સંચાલિકા શ્રીમતી તૃપ્તિબેન - ૦૯૭૧૪૮૨૫૪૦૪ ખાતે સંપર્ક કરવો. આ ઉપરાંત કાર્યશાના બાળકો જિલ્લા કે રાજ્યકક્ષાએ યોજાતા ખેલ મહાકુંભમાં ભાગ લઈ વિજેતા નિવડે છે.

ઉપરોક્ત કોઈપણ બાબતે વધુ માહિતી માટે માનદ્‌મંત્રી શ્રીમતી હીનાબેન શાહ - ૯૮૨૦૪૮૭૦૯૦ તથા શ્રી પ્રમીલાબેન શાહ ૯૬૧૯૩૨૫૫૭૪ નો સંપર્ક સાધવો.

સિનેમાં અહેવાલ : મુંબઈ ખાતેના બાળકો માટે તા. ૧૪-૭-૨૦૧૬ના ઈરોઝ થિયેટર ખાતે 'સુલતાન' ફિલ્મનું આયોજન કરવામાં આવેલ અને ત્યારબાદ હોટલમાં ડિનર કરવામાં આવેલ, જે માટે આપણી સમિતિના મોભી વડીલ શ્રી જે.કે. શાહ દ્વારા આર્થિક સહયોગ પ્રદાન કરવામાં આવેલ. ❑ **વિકલાંગઉત્સર્ષ સમિતિ**

## ૩૮માં જન્મ દિને વધામણા

ઓગસ્ટ આવ્યો, ભાઈ ઓગસ્ટ આવ્યો,
સ્વાતંત્રતા ચળવળની પુનઃસ્મૃતિ લાવ્યો,
તહેવારોની તો જાણે ભરમાર લાવ્યો,
મેહુલીયાની પણ સતત જળધાર લાવ્યો. ઓગસ્ટ આવ્યો....
પ્રતિબિંબનો ૩૮મો જન્મોત્સવ આવ્યો
સાહિત્યનો તો ભરી રસથાળ લાવ્યો,
રંગીન-પૃષ્ઠોને તસ્વીરોની બહાર લાવ્યો,
ચાલો વધાવીએ રૂડો અવસર આવ્યો. ઓગસ્ટ આવ્યો....
ધર્મ આરાધના માટે પર્યુષણ પર્વ લાવ્યો,
સાધુ-સાધ્વીજી માટે સ્થિરવાસ લાવ્યો,
તપ-જપની જાણે રફતાર લાવ્યો,
અનુષ્ઠાનો નો પણ ઉપહાર લાવ્યો ઓગસ્ટ આવ્યો....

❑ **જ્ઞાનેશ લાપસિયા**


**અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા** Pan No. : AAATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોન: (02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ : પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોન : ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯ (પાટણ)**

સંપર્ક : **શ્રી નિખિલભાઈ આર. શાહ** : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩
**શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ** : પ્રવીણચંદ્ર એન્ડ કું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮
**શ્રી સંદીપભાઈ આર. શાહ** : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

**લાખ દુઃખોની એક દવા હૃદયથી કરો ગૌ સેવા**

**તા. ૧૫-૮-૧૬ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૨૮૭૫**

**જીવદયા માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ | રૂા. ૫૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે.** | | | |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી | રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી | રૂા. ૪૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે.** | | | |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

advt

# Dreams followed passionately, surely leads TO SUCCESS!!!

Successful people are not gifted, they workhard and then succeed on the purpose! is the tag line I carved in my heart and mind when I completed my B.E. in Electrical Engineering. Today, I am a proud Founder and Principal Designer of CDS Lighting Designers, a lighting design studio established in 2011 at Mumbai. As a Lighting Designer, I am responsible for creating aesthetically beautiful spaces using artificial light.

I stumbled in to the field of lighting design a decade back, just out of curiosity. Very soon, I realized, this is the most fascinating industry and I am here to be amongst the renowned lighting designers of the country…..goal is set! Developing a creative eye, enthusiasm for light and lighting, constant learning, passionate hardwork for almost a decade, earned me creditability where I can finally launch my own lighting studio, CDS.

Yesss…It's a dream come true. Just in a span of 5 years, I have successfully designed and completed apprx. 1 Lakh Sqft of interior areas and 55 acres of landscape and still totaling. Being part of the Residences for Birlas, Ambanis, Agarwals, 5 star hotels like Taj Group, Four Point Sheraton, Heritage Projects are the milestone achievements till now. Lighting up Jewelry showrooms, Offices, Building façade etc. are also the key feathers in CDS cap. I have been privileged visitor of several international lighting programs in US, Italy, Germany and many more countries across the world.

I still remember today, how impossible it was to get a paid seat into an engineering degree course, **which was only and only made possible through PJM by granting me a most needed educational loan** in a most dignified way. This was a turning point of my life which taught me a lesson of responsibility towards society. And, today after 15 years, **PJM has again come forward to expand my professional carrier by providing a potential platform through trade fair. Trade fair has got us prospective clientele. Just in 3 months span of Trade Fair, we completed a residential project which has earned utmost client satisfaction and appreciation.** We are also in negotiation with Trustees of most-famous Jain temple, located in the prime area of the city.

There is no way that I can express my gratitude to PJM. At this point, I grab an opportunity to thank my parents and siblings for supporting me and making me what I am today.

Sheetal Kiritbhai Ramanlal Sandesara
(Chachariya)
CDS Lighting Designers, B.E. Electrical, ISLE
Cell: 98701 87230
Email: cdstudios.mumbai@gmail.com, www.cdslightingdesigners.com

**મેડીકોસ ઓફ પાટણ ડીરેક્ટરી ભુલસુધાર**

તાજેતરમાં પ્રકાશિત થયેલ સમાજના ડોક્ટરોની ડીરેક્ટરીમાં પાના નં. ૧૬ ઉપર ડૉ. દીપમ જનક શાહ General Practitioner ને બદલે Dermatologist (DNB, MD) Hair Transplant Surgeon અને પાના નં. ૨૨ ઉપર ડૉ. જીનમ જનક શાહ General Practitioner ને બદલે Pulmonologist Allergy Specialist એ પ્રમાણે સુધારીને વાંચવું.

પાના નં. ૧૮ ઉપર ડૉ. ગૌરવ નિર્મલભાઈ શાહ General Practitioner ને બદલે Paediatrician, ડીગ્રી M.B.B.S. D.Ch., MD તથા બીજી ક્લિનીકનું સરનામું : પ્રેમ કોર્ટ સોસાયટી, પેડર રોડ સુધારીને વાંચવું.

આ ઉપરાંત પાના નં. ૧૩ ઉપર ડૉ. ઐશ્વર્યા નીરજ ચોક્સીનો ફોટો શરતચુકથી અન્યનો છપાયેલ છે તેની નોંધ લેશો.

❑ **મેડીકલ સમિતિ**

**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યૌજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ •**

ADVT

# શ્રી ચારૂપ મહાતીર્થ



कमठे धरणेन्दे च स्वोचितं कर्मकुर्व्व ति।
प्रभुस्तुल्यमनोवृत्तिः पार्श्वनाथ श्रियेडस्तु वः ।।१।।

**અર્થઃ પોતાને ઉચિત કર્મ કરતા કમઠ અને ધરણેન્દ્ર ઉપર જેમની મનોવૃત્તિ સરખી છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ અમારા કલ્યાણ માટે થાઓ ।।૧।।**

જે અલૌકિક મૂર્તિના સવારથી સાંજ સુધીમાં અલગ-અલગ ચાર રૂપના દર્શન થાય છે તેવા શ્રી શામળા પાર્શ્વનાથ ભગવંતના તીર્થનો ઈતિહાસ પણ અદ્‌ભુત છે.

શ્રી ચારૂપ મહાતીર્થ ઘણુંજ પ્રાચીન તીર્થ છે. તે ઉક્તિથી જૈન કોમમાં જન્મેલ વ્યક્તિ ભાગ્યેજ અજાણ હશે. આ મહાતીર્થના પુરાવારૂપે માંડવગઢના મહામંત્રી પેથડકુમારે જુદા જુદા ૮૪ તીર્થસ્થળે એક એક જીન પ્રસાદ કરાવ્યા છે. તેમાં ચારૂપ તીર્થમાં પણ એક જિનપ્રસાદ કરાવ્યાનો ઉલ્લેખ છે. चन्द्रावति चित्रकूट चारुपैन्द्रीषु चिक्खले સદર તીર્થમાં ૧ વાર જેટલી લગભગ ઉંચી ફણા સહિત શ્યામ વર્ણની શ્રી શામળા પાર્શ્વનાથની પ્રતીમાજી પ્રતિષ્ઠિત છે. જેની પ્રતિષ્ઠા મહાપ્રભાવશાળી શ્રી શીલગુણસૂરિના શિષ્ય શ્રી દેવચંદ્રસૂરિએ કરેલી છે.

चारुपगामे श्री महातीर्थ श्री पार्श्वनाथ परिवार साग्नि (:)
प्रतिष्ठितं श्री देवचन्द्रसूरिमि

આ પ્રતિમાજીની ઉત્પત્તિ પણ ઘણાજ પ્રાચીન કાળની છે. તેના પુરાવા રૂપે શ્રીમદ્ વિજયાનંદસૂરિ વિરચિત તત્વનિર્ણય પ્રાસાદ નામના ગ્રંથના ૫૩૪માં પાને નીચે મુજબ લખાણ છે.

नमेस्तीर्थ कृतस्तीर्थे वर्षे द्विकचतुष्टये।
अषाडश्रावको गौजेकारयत्प्रतिमात्रयम ।।१।।

આ ઉપરથી એકમતે શ્રી ધર્મસાગર ઉપાધ્યાય કૃત પ્રવચન પરિક્ષામાં ગઈ ચોવીસીના સોળમાં તીર્થંકર શ્રી નમિનાથના આરામાં ૨૨૨૨ વર્ષ પછી ગાડ દેશના અષાઢ શ્રાવકે ત્રણ પ્રતિમાઓ કરાવ્યાનું લખ્યું છે. તેમાની એક તથા બીજા મતે વર્તામાન ચોવિસીમાં શ્રી નમિનાથ તીર્થંકરના શાસન પછી ૨૨૨૨ વર્ષે ગૌર દેશના અષાઢ શ્રાવકે ત્રણ જિન પ્રતિમાઓ ભરાવી હતી તેમાની એક છે તે ગઈ ચોવીસીના સોળમાં હોય અથવા તો ચોવીસીના એકવીસમાં હોય એ બેમાંથી ગમે તે તીર્થંકર હોય તે તો કેવલી ભગવાન જાણે પરંતુ એટલું તો ચોક્કસ છે કે શ્રી નમિનાથ તીર્થંકરના શાસનમાં ૨૨૨૨વર્ષ પછી ગૌડ દેશના રહીશ અષાઢી શ્રાવકે જે ત્રણ પ્રતિમાઓ નવી ભરાવી હતી તેમાંની એક છે. તેમાં તો જરાયે શંકાને સ્થાન નથી.

એક વખતે શ્રીકાંત નગરનો રહીશ ધનેશ શ્રાવક વહાણ લઈને દરિયાઈ મુસાફરી કરવા જતો હતો. તેવામાં તેના વહાણ થંભી ગયા (ત્રણ પ્રતિમાઓ પૈકી ત્રીજી સ્થંભના પાર્શ્વનાથજીની પ્રતિમા જ વહાણ થંભી જવામાં કારણભૂત છે.) તેથી તેણે વિધિપૂર્વક દેવતાની પૂજા કરી તેથી સંતુષ્ટ થયેલા દેવ ધનેશ શ્રાવકને શ્યામ વર્ણની ત્રણ પ્રતિમાઓ સમુદ્રમાંથી કાઢીને આપી. તેમાંની એક પ્રતિમાને ચારૂપ નવિન ચૈત્ય કરાવીને તેમાં પધરાવી તે શ્રી શામળા પાર્શ્વનાથજીની પ્રતિમાં હાલ પણ ચારૂપ તીર્થમાં મોજુદ છે, જે પ્રતિમાજીને ચારૂપમાં આવ્યાને આજે ૨૦૦૦ વર્ષ વિતિ ગયા છે. આ ઉપરથી પૂર્વે ચારૂપ એક મોટું નગર હતું અને તેમાં બીજા પણ મંદીરો હતાં તે પણ ઉપરની હકીકતથી સિદ્ધ થાય છે. આ તીર્થમાં અનેક સંઘો પૂર્વે આવ્યા હોય તે પણ આશ્ચર્યકારક નથી.

એકંદરે આ તીર્થ ઈતિહાસમાં પ્રાચીનતાને પામેલું છે વીરાચાર્ય જેવા મહાન પ્રભાવક આચાર્ય જ્યારે મારવાડથી વિહાર કરી ગુજરાતમાં આવતા ચારૂપ ગામે પધાર્યા તે સમાચાર અણહિલપુર પાટણના રાજા સિદ્ધરાજને મળતાં પોતે ચારૂપ સુધી સૂરી મહારાજની સામા આવ્યા હતા. કારતક વદ-૧ તેમજ જેઠ સુદી-૫ ના રોજ પાટણથી તથા બીજા ગામોથી સંઘો આવે છે. દર પૂનમે પણ યાત્રાળુઓ સારી સંખ્યામાં આવે છે.

આ પ્રતિમાજીનો ચમત્કાર અદભૂત છે. જૈનેતર લોકોમાં પણ અસત્ય બોલનાર આ પ્રતિમાજીના સોગંદ ખાતા નથી એવી અખંડ શ્રદ્ધા ઈતર કોમમાં છે એજ પ્રતિમાજીની મહાન પ્રભાવકતાનો પુરાવો છે. આ પ્રભુની પ્રતિમા દિવ્ય અને અલૌકિક છે. પ્રભુની મુખાકૃતિ અદ્વિતિય છે, દર્શન કરનારની મનઃસ્મૃતિમાં પ્રતિમાજીની પ્રતિભા એવી છવાઈ જાય છે કે દર્શન કરનારને ત્યાંથી ખસવાનું પણ મન થતું નથી.

## તીર્થની વિશેષતાઓ

- આ તીર્થ પાટણથી ૧૨ કિ.મી. દૂર આવેલું છે.
- ચારૂપ ખાતેના શામળા પાશર્વનાથનો ૧૦૮ પાશ્વનાથ તીર્થમાં સમાવેશ થાય છે.
- દિવ્ય, અલૌકિક અને તેજસ્વી પ્રતિમા.
- જ્યાં ૨૨૦૦ વર્ષથી પણ વધુ જૂના પ્રતિમાજી બિરાજમાન છે.
- અષાઢી શ્રાવકે ત્રણ પ્રતિમાજી ભરાવ્યા હતા તેમાં શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી સ્થંભણ પાર્શ્વનાથ તથા ચારૂપના શામળાજીનો સમાવેશ.
- કચ્છ અને રાજસ્થાન જવાનું પ્રવેશદ્વાર
- પાટણથી જવા માટે બસ/રીક્ષાની સગવડ.
- અદ્યતન સગવડ સાથેની નૂતન ધર્મશાળા.
- વર્ષ દરમ્યાન ૧૦,૦૦૦થી વધુ શ્રાવક-શ્રાવિકાઓની તીર્થસ્પર્શના.
- નૂતનીકરણ પામેલ ભોજનશાળામાં પૌષ્ટિક અને સ્વાદિષ્ટ આહારની સગવડ.
- વર્ષ દરમ્યાન ૨ ૦૦૦થી વધુ સાધુ સાધ્વીના પાવન પગલાં જ્યા થાય છે.

## ચારૂપ તીર્થની વિવિધ યોજનાઓ

- **આધારસ્તંભ:** જીનાલયના જીર્ણોદ્ધારમાં રૂા. ૫ લાખ કે તેથી વધુ રકમનું દાન આપનાર વ્યક્તિ/સંસ્થાનું નામ આધારસ્તંભ તરીકે લખાશે.
- **સહયોગી દાતા :** રૂા. ૧ લાખ કે તેથી વધુ રકમનું દાન આપનારનું નામ સહયોગી દાતા તરીકે લખાશે.
- **ધર્મશાળાની રૂમના દાતા:** રૂા. ૨,૫૦,૦૦૦/-નું દાન આપનારનું નામ ધર્મશાળાની રૂમ ખાતે કાયમી ધોરણે લખાશે.

**નોંધ : દાનની રકમનો ચેક શ્રી ચારૂપ તીર્થના નામે લખવો.**

- **ભોજનશાળા કાયમી નીભાવ ફંડ :** રૂા. ૧ લાખનું દાન આપનાર દાતાનું નામ કાયમી નીભાવ ફંડના દાતા તરીકે લખાશે.
- **ભોજનશાળા ફોટો યોજના :** રૂા. ૩૧,૦૦૦/- આપનાર દાતાનો ફોટો ભોજનશાળા ખાતે મૂકવામાં આવશે.

**આ જીનાલયના જીર્ણોદ્ધારમાં, ભોજનશાળામાં તથા ધર્મશાળામાં લાભ લેવા ઈચ્છુક દાતાઓએ શ્રીમતી જીતાબેનનો ફોન નં. ૯૮૧૯૫૬૩૩૨૫ ઉપર સંપર્ક કરવો સાધવો.**

## સિદ્ધહેમ જ્ઞાનપીઠ - અનુમોદનીય સમાચાર

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત પાટણનગર સ્થિત સિદ્ધહેમ જ્ઞાનપીઠ - ગોળશેરી સંસ્થાનમાં અત્યારે મદ્રાસ, હૈદ્રાબાદ, મુંબઈ, સુરત વિગેરે સ્થાનેથી આવેલી લગભગ ૨૫ મુમુક્ષુ બહેનો ભણે છે. જાન્યુઆરી માસમાં પાટણ મુકામે શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તથા શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી મુંબઈની પરીક્ષા તા. ૨૪-૧-૨૦૧૬ના રોજ અપાવેલ. સંસ્કૃતની બુક પ્રથમા - મધ્યમા - ત્રણભાષ્ય, કર્મગ્રંથ વિ. વિષયોની પરીક્ષા ૩૫ અભ્યાસકોએ આપેલ. તેનું રિઝલ્ટ તા. ૨૧-૭-૨૦૧૬ રોજ આવેલ. તેમાં સંસ્કૃત જેવા ગહન વિષયમાં. ૧૦૦ માર્કસમાંથી ૯૬, ૯૦, ૮૬ જેવા ઉત્કૃષ્ટ માર્કસ લાવી પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈને વિશેષ યોગ્યતાને પામેલ છે, એ બદલ સર્વે બહેનોને અભિનંદન. ૩૫ માંથી ૩૪ અભ્યાસકો સુંદર માર્કસ મેળવીને ઉત્તીર્ણ થયેલ છે. આ મુમુક્ષુઓ પ્રતિદિન ૧૦ થી ૧૨ કલાક વિવિધ ધાર્મિક ગ્રન્થોનો અભ્યાસ તથા વિશિષ્ટ પ્રભુભક્તિ ક્રિયા-આરાધના-તપ વિગેરે કરી રહેલ છે. આ મુમુક્ષુઓના મોક્ષ લક્ષી પુરુષાર્થની અનુમોદના આ મુમુક્ષુ દીકરોમાં ૧૩ દીકરીઓ ૧૫ થી ૧૭ જેટલી દીકરીઓને સંસ્કૃતની પહેલી બુક, બીજી બુક, પ્રાકૃતબુક - સ્તવન, સ્તુતિ, ચૈત્યવંદન સઝ્ઝાય વિગેરે કાવ્યો તથા સૂત્રોની મૂળગાથાઓનું પુનરાવર્તન તથા નવી ગાથાઓ કરાવવી ઈત્યાદિ પુરુષાર્થ દ્વારા જ્ઞાનોપાસના કરી રહેલ છે.

પંડીતવર્ય શ્રી ચંદ્રકાન્તભાઈ સંઘવીના પ્રેરણા અને પ્રયત્નોથી જ્ઞાનપીઠમાં સુંદર પ્રગતિ થઈ રહી છે. શ્રી જૈન ધાર્મિક સોસાયટીની પરીક્ષા માટે તેઓએ કરેલા પ્રયત્નોની સરાહના કરીએ છીએ. પંડિત રાજુભાઈપણ અનુમોદનીય યોગદાન આપે છે.

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની **શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/-** (અંકે રૂપિયા દસ હજાર)ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે.

તદ્અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે.

આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૧૦-૯-૨૦૧૫ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.**

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

❑ શિક્ષણ સમિતિ


।। શ્રી શાંતિનાથાય નમઃ।।

# KKK કનાસા કલ્યાણ કેન્દ્ર KKK

ખુશ ખબર! ખુશ ખબર!! ખુશ ખબર!!!

કનાસા કલ્યાણ કેન્દ્રની મેમ્બરશીપ માટે વધતી જતી માગણીને પહોંચી વળવા

પાટણના દ્વિતિય ટ્રેડફેર નિમિત્તે **અનોખી ઓફર**

- માત્ર રૂા. ૧૦૦૦/- ભરો અને ઓક્ટોબર ૨૦૧૬થી માર્ચ ૨૦૧૭ સુધીમાં ઘેરબેઠા ત્રણ ડીલીવરી મેળવો.
- આ ડીલીવરી દર બે મહિને મળશે.
- કનાસા કલ્યાણ કેન્દ્રની બધી જ આઈટમ્સ જયણાપૂર્વક બનાવવામાં આવે છે.
- વિવિધ પ્રકારના ખાખરા, પાપડ તથા અનેક પ્રકારની મીઠાઈઓ પણ બનાવે છે.

સંપર્ક પાટણ : 09428664881, 09687679158 ગોરેગાંવ : 09699053690, 08767121628 વિલેપાર્લા : 09920385597

આ ઉપરાંત કનાસા કલ્યાણ કેન્દ્રમાં અત્યંત આધુનિક સગવડ ધરાવતું અતિથિગૃહ છે KKKમાં રોકાનારને માટે સવારે નવકારશી, બપોરે જમવાનું અને સાંજના ચોવીહારની વ્યવસ્થા પણ થઈ શકે છે.

"આપશ્રી જ્યારે પાટણ પધારો ત્યારે જરૂરથી KKKની અવશ્ય મુલાકાત લો."

ADVT

# Shree Patan Jain Mandal

*Presents*

## Patani's Biggest

# TRADE FAIR

## Exhibition

**Sunday, 2nd October 2016**

**10.00 am to 8.00 pm**

•

**Venue : Hotel Sahara Star**

**Vile Parle (East)**

### TRADE FAIR *Highlights*

**More than 120 Stalls**
Fashion, Home Decor, Health, Gift, Finance, Food, Services etc.

•

**More than 3500 Visitors expected**

•

9000 sq.ft. without pillar, fully high quality AC **Lavish and very Spacious hall.**

•

**Lucky Draw**
for Visitors

## STRONG PILLARS *of* TRADE FAIR

**BHAGVATIBEN KANTILAL SALVI**
SALVI WADO
By : SHRI HEMANTBHAI SHAH

•

**DR. JASWANTBHAI MANILAL SHAH PARIVAR**
BHABHANO PADO

•

**PRABHAVATIBEN VRAJLAL SHAH**
POLNI SHERI
By : Shree RAJU, TEJAL, DEEP, PRIYA
ANTWERP, BELGIUM

•

**DIPAKBHAI MOHANLAL SHAH**
MAHALAXMI MATANO PADO

•

**BHAGVATIBEN VINODCHANDRA SHAH**
(MATLIWALA ) KANASANO PADO
By : Shri DANESH,BHAGYESH, SUKESH, DHIREN

**2 TRADE FAIR**

## ATTRACTIONS OF THE TRADE FAIR

1. Five Star Hotel centrally located in city
2. 9000 sq. ft, without pillar, fully high quality AC, lavish 6 very spacious halls
3. Nearby western express highway Vile Parle (east). Opp. Domestic Airport.
4. Close to Vile Parle Railway Station at Minimum Auto fare.
5. More than 1000 cars parking with vallet service.
6. Privilege coupons for easy and fast entry.
7. Free Tea and Coffee with biscuits served and managed by Sahara Star Hotel.
8. Lunch and dinner at Sahara Star Hotel with special 40% concessional rate.
9. Added attractions of lucky draw every hour.

## ATTRACTIONS FOR NAVRATRI, DIWALI AND WEDDING SEASON

1. High quality, competitive pricing and attractive products.
2. Different kind of wedding products like Gold & Diamond jewellery, High value designer dresses, valuable gift articles.
3. Customize purses and clutches.
4. Make to order chocolates, cookies and mouth fresheners.
5. Homemade khakhra, papad, salevda and sweets.
6. Product of artists like - paintings, wallpapers, decorative articles.
7. Especially different kind of diwali products like toran, candles, diyas and rangoli.
8. Special dresses for navratri.
9. Different kind of service available like, stock broking, finance, LIC, yoga, tours and travels, special arts, interior design.
10. Regular b to b marketing facility (by pratibimb)

## મંડળની વિવિધ સમિતિઓમાં નવા સભ્યોના નામ લેવા

શ્રી પાટણ જૈન મંડળની વિવિધ પેટા સમિતિઓમાં કેટલાંક સભ્યોની સંજોગોવસાત સમયની પ્રતિકુળતાને પરિણામે સતત ગેરહાજરી અથવા અનિયમિતતા હોઈ તેવા સભ્યોના નામ સમિતિના સભ્યપદેથી કમી કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

સાથોસાથ મંડળની રચનાત્મક પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર કાર્ય કરવા નવા સભ્યોની આતુરતા પણ જણાય છે. તેવા ઈચ્છુક ભાઈ-બહેનોએ પોતાની રસ ધરાવતી પ્રવૃત્તિની વિગતોસહ પોતાના નામ મંડળના મુખ્ય કાર્યાલય ખાતે નોંધાવવા વિનંતી છે. જેથી જે તે સમિતિઓ દ્વારા ભવિષ્યમાં યોજાનાર કાર્યક્રમોમાં તેમની સેવાનો લાભ સંસ્થાને મળી શકે.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## TRADE FAIR 2

શ્રી પાટણ જૈન મંડળ ૧૦૩ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત પટ્ટણીઓને Self Esteem (આત્મનિર્ભર) કરવાના પ્રયાસરૂપે Eco & Soc Upliftment ટીમના કાર્યકર્તાઓએ ભાયંદર ખાતે સ્નેહમિલન-સર્વેના આયોજનથી શરૂ કરેલ પ્રયાસોને વેગવંત બનાવવા ૧૩મી માર્ચના રોજ યોજેલ, Trade Fair આયોજનને અપાર સફળતા મળેલ. લોકોએ ખુબ ઉત્સાહપૂર્વક હાજરી આપી અને ખરીદી કરી, Young Entreprenurs ને Moral Support આપી આત્મવિશ્વાસમાં વૃદ્ધિ કરાવેલ. આ Trade Fair ની સફળતાની પ્રેરણાથી રોજિંદો વ્યાપાર વધારવાના હેતુસર Network Business ના Concept સાથે Pattani Business Group(PBG) ના પહેલા ચેપ્ટરની સ્થાપના કરવામાં આવી. Young Entrepenurs ને ઉત્સાહ મંદ ન પડે અને તેઓના વ્યાપારને વધારેમાં વધારે મદદ-ઉત્તેજન મળે તેમ જ આવનાર નવરાત્રી, દિવાળી અને લગ્ન સીઝનનો પણ લાભ મળે એ હેતુસર 2nd October ના રોજ Hotel Shara Stars, vile parle ખાતે Trade Fair 2 નું સહર્ષ આયોજન થઈ ચુકેલ છે.

આ વખતે ધંધા માટેની ધગશને વ્યવસ્થિત રીતે રજૂ કરવા મોટા પાયાનું આયોજન એક પરીક્ષા બની રહેશે. સમિતિના કાર્યકર્તા અને સમાજના ધંધાર્થીઓના મનોબળ વધારવા ઉદારદિલ દાતાઓએ પોતાનો યશસ્વી ફાળો આપી આયોજક ટીમનો ઉત્સાહ બમણો કરી દીધેલ છે.

**તો ચાલો ફરી આપણી Unity ને પુરવાર કરીએ.**

❑ **Eco & Soc Upliftment Committee**

## ખાસ જાહેરાત

ટ્રેડફેરમાં જે પટણીઓ પ્રથમ વખત ભાગ લઈ રહ્યા છે, તેમને કદાચ કોઈ પ્રશ્ન હોય કે મદદની અથવા ખુલાસાની જરૂરત હોય તો કોઈ સંકોચ વગર નીચે જણાવેલ હોદ્દેદારોનો સંપર્ક કરી શકે છે.

| | | |
|---|---|---|
| શ્રી દાનેશભાઈ માટલીવાલા | પાર્લા | ૯૯૩૦૮૯૧૯૮૫ |
| શ્રી દિપકભાઈ શાહ | મરીન ડ્રાઈવ | ૯૮૨૦૫૨૨૯૩૬ |
| શ્રી નિખીલભાઈ બેન્કર | મરીન ડ્રાઈવ | ૯૮૨૦૦૪૩૦૫૮ |
| શ્રી નિલેશભાઈ શાહ | ભાયંદર | ૯૩૨૧૧૫૦૧૬૦ |
| શ્રી દેવેશભાઈ શાહ | ચોપાટી | ૯૮૬૯૩૩૩૭૧૬ |

## આઉટડોર એથ્લેટીક ગેમ્સ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા સમાજના દરેક વય-જુથના ભાઈ-બહેનો માટે આઉટડોર એથ્લેટીક ગેમ્સનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે, જેની સંપૂર્ણ વિગતો આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

**દિનાંક :** ૧૧-૧૨-૨૦૧૬
**સમય :** ૯.૦૦ થી ૫.૦૦
**સ્થળ :** યુનિવર્સીટી પેવીલીયન, મરીનડ્રાઈવ, મુંબઈ - ૨૦

❑ **સ્પોર્ટ સમિતિ**

## વાચકોનો પ્રતિભાવ

હાર્દિક અભિનંદન... 'પ્રતિબિંબ'

આજે આપણા સહુનું માનીતું અને સુવિખ્યાત 'પ્રતિબિંબ' વિશે મારી લાગણી અને સન્માન પ્રગટ કરતા અત્યંત આનંદની લાગણી થાય છે.

'પ્રતિબિંબ' એટલે માત્ર લેટેસ્ટ ન્યુઝનું કલેક્શન જ નહીં પરંતુ પ્રભાવશાળી પાટણનાં તમામ જૈન કુટુંબોને પ્રેમથી, આદરથી અને સચ્ચાઈથી મજબુત ચેઈનમાં સાંકળી લેતા અગત્યના અને જાણવાલાયક વર્તમાન ન્યુઝ આઈટમ્સનું શ્રેષ્ઠ સંકલન!

મારા સ્કુલ તથા કૉલેજકાળથી પ્રતિબિંબ મેળવવાની અને શરુથી માંડી અંત સુધી તમામ વિગતો વાચવાની ઝંખનાની સુંદર જર્ની આજે પણ અવિરત ચાલુ જ છે.

છેલ્લા ૨૫-૩૦ વર્ષ દરમ્યાન મને સાઉદી અરેબીયામાં રેગ્યુલર અને અવશ્યપણે પ્રતિબિંબ મળતું આવ્યું છે. વિદેશની ધરતી પર આ ન્યુઝપેપર જ્યારે મળતું ત્યારે તે વાંચતા ખુશ્બુ હું હંમેશા અનુભવતો. પોતાનાં પ્રિયજનોને રૂબરૂ મળ્યા જેટલોજ આનંદ અનુભવતો. સૌથી ખુબસુરત ચીજ જે મેં માર્ક કરી છે તે એ કે દરેક નવો અંક પહેલાના અંક ઈસ્યુ કરતા વધુને વધુ ચઢિયાતો હોય છે. ક્વોલીટીમાં અવિરતપણે અને કાળજીપૂર્વક સુધારા થતા રહ્યા છે.

સૌનુ લાડકવાયું 'પ્રતિબિંબ' વાંચતા ઐતિહાસિક પાટણની પ્રતિભાશાળી ઝાંખી અને જાજરમાન ધરતી પર આપણે જન્મ લીધાનો ગૌરવ અનુભવાય છે. પેપર અને પ્રિન્ટીંગ ક્વોલીટી સિમ્પલ, સુપર, અમેઝીંગ!

માનનીય પ્રમુખજીનાં રેગ્યુલર રાઈટઅપથી શરુ થતું ગૌરવશાળી અને પાટણ જૈન સમાજના Prestigious Crown સમાન પ્રતિબિંબમાં કેટકેટલી માહિતી સાંકળી લેવામાં આવે છે. જેવી કે એજ્યુકેશન, શાનદાર રીઝલ્ટસ, સ્પોર્ટસ, હેલ્થ ડીપાર્ટમેન્ટ, વિવિધ સુંદર કાવ્યરચના, આર્ટીકલ્સ, અનેક અગત્યની માહિતી, મૃત્યુનોંધ તથા લેટેસ્ટ ઈવેન્ટ્સ કવરેજ, સુંદર ફોટોગ્રાફ, પર્યુષણમાં તપસ્વીઓનું લિસ્ટ, સ્નેહ સમારંભ પાટણના અનેક વિશાળ હૃદયવાળા દાનવીરોની યાદી, OMG! ગાગરમાં સાગરના કહુ તો બીજું શું કહું ?

અંતમાં પ્રતિબિંબ આપણા તમામ પટણીભાઈ બહેનોનું ગૌરવ ચિન્હ છે. સંપાદકીય કમિટિના આજ સુધીના તમામ સભ્યોનાં શ્રેષ્ઠ યોગદાનને હૃદયપૂર્વક બિરદાવીએ છીએ. પ્રતિબિંબ આપણા સમાજની ધડકન છે. ગૌરવગાથાનું અનેરું અને સોનેરી પૃષ્ઠ છે. આવનારા વર્ષોમાં તેની ઉત્તરોત્તર અને યશસ્વી પ્રગતિ થશે જ.

"જબતક સુરજ ચાંદ રહેગા, પ્રતિબિંબ તેરા નામ રહેગા"

❑ **શ્રી પંકજ કેશવલાલ શાહના** (બોરીવલી)
(અબજી મહેતાનો પાડો)


**પાટણનું શુદ્ધ ગેરેંટેડ ઘી મળશે**
**પાટણના પાપડ, ખાખરા માટે સંપર્ક કરવો**
**તેમજ ગોરેગામમાં જગ્યા લેવા-વેંચવા તેમજ**
**ભાડેથી આપવા - લેવા સંપર્ક કરવો**

**નિતીન એચ. શાહ**

**મો.** 9820173837 / 9320924680 / 28733502

242/203 જવાહર નગર રોડ નં. ૩, ગોરેગામ (વે), મુંબઈ-૬૨ ADVT



**PATAN CO-OPERATIVE BANK LTD.**

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG,
MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL : 2281 5290 / 2281 7444 / 2281 9403 • FAX : 2281 6513.
Email ID : patanbank@yahoo.co.in

## NOTICE TO MEMBERS

NOTICE IS HEREBY GIVEN THAT THE 35TH ANNUAL GENERAL MEETING OF THE MEMBERS OF **PATAN CO-OPERATIVE BANK LTD** WILL BE HELD ON **SATURDAY, THE 17th SEPTEMBER 2016 AT 3.00 P.M. AT** TARABAI HALL, BEHIND PARSEE GYMKHANA, MARINE DRIVE, MUMBAI 400 002 TO TRANSACT THE FOLLOWING BUSINESS:

1. To read and confirm minutes of the 34th Annual Meeting held on 24h September 2015;
2. To consider and approve the following proposals :-
   i. Annual Report for the year 2015-16.
   ii. Profit and Loss account for the year ended on 31st March 2016;
   iii. Balance-sheet for the year ended on 31st March 2016;
3. To receive and adopt the report of Statutory Auditor – M/s Vaishampayan & Padhye for the financial year 2015-16; alongwith notes to accounts.
4. To approve appropriations of net profit and declare dividend for the year ended 31st March 2016, as proposed by Board of Directors;
5. To approve the Annual Budget for the year 2016-17;
6. To appoint Internal/Concurrent Auditor and Statutory Auditor for the year 2016-17 and authorize Board to fix its remuneration;
7. To adopt Model Bye-Laws prescribed by Co-operative Department of Maharashtra State in view of 97th amendment of the Constitution.
8. Any other business that may be brought forward with the permission of the Chair.

**# Dividend will be payable only through standing instruction (account with our Bank) or ECS (account with other Bank).**
**# No physical dividend warrant will be issued.**
**# The members are requested to submit standing instructions or ECS mandate at the earliest.**

Date : 31st August 2016.

**By order of the Board of Directors**
**Sd/-**
**Arthur Rebello (w.e.f. 16.06.2016)**
**Chief Executive Officer.**

**APPEAL TO MEMBERS :**

1. Members desire to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. Adjourned Annual General Meeting for want of quorum, if necessary, will be held on the same date and place after half an hour of the notified time of such meeting.
4. Members desiring to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank atleast 7 days before meeting date i.e. on or before 9th September 2016.
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.
6. Members are requested to collect their dividend for the previous three years, if not collected, to avoid its forfeiture.

Advt

# શ્રી પાટણ જૈન મંડળ

## શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ કક્ષાએ માર્ક્સ મેળવવા બદલ તેમજ વિવિધ ક્ષેત્રે મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ બદલ ગુણવત્તાના ધોરણે અપાતા પારિતોષિકો

સમાજમાં શિક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું પ્રમાણ વધતું રહ્યું છે. એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ ડિગ્રી-ડીપ્લોમા કોર્ષ તેમજ અનેક શૈક્ષણિક શાખાઓમાં સમાજના વિદ્યાર્થી ભાઈ–બહેનો તેમની વાર્ષિક પરીક્ષાઓમાં ઉચ્ચ ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી રહ્યાં છે. તેઓને બિરદાવવા અને તેમનું અભિવાદન કરવાની ભાવના સાથે શ્રી પાટણ જૈન મંડળે વિવિધ ફંડ યોજના દ્વારા તેમજ પોતાના ભંડોળમાંથી પારિતોષિક આપવાની યોજના બનાવી છે.

મંડળ તરફથી અપાતા વિવિધ મેરીટ પ્રાઈઝની વિગતો અત્રે રજૂ કરીએ છીએ. આ ઈનામ પારિતોષિકો મેળવવા અંગેનું જરૂરી ફોર્મ મંડળના મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી તથા પાટણ ખાતેના કાર્યાલયો ખાતે ઉપલબ્ધ છે, જે સંપૂર્ણ વિગતો ભરી, માર્કસીટની ઝેરોક્ષ નકલ સાથે તા. ૩૦-૯-૨૦૧૬ સુધીમાં મોકલાવી આપવું. આ મેરીટ પ્રાઈઝ છે. તેથી સમાજના તમામ સ્તરના વિદ્યાર્થીઓ ગુણવત્તાના ધોરણે પારિતોષિક મેળવી શકે છે.

એવોર્ડ મેળવવા માટેનું ફોર્મ મંડળની વેબસાઈટ patanmandal.org ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

### MERIT PRIZES FOR S.S.C. ICSE OR CBSE OR EQUIVALENT EXAM

| PRIZE NAME | ELIGIBILITY |
|---|---|
| 1. Smt. Smitaben Vikramkumar Dawawala Marriage Prize | 1st Highest Mark |
| 2. Shri Mohanlal Sakarchand Prize | 2nd Highest Marks |
| 3. Shri Halabhai Maganlal Girls Student Prize | 1st Highest |
| 4. Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 6. Shri Harshit Bharatkumar Shah English Prize | Highest Marks in English Subject |
| 7. Shri Harshit Bharatkumar Shah Science Prize | Highest Marks in Science Subject |
| 8. Shree Patan Jain Mandal Additional Prize | 80% & up marks to all students |

### MERIT PRIZES FOR H.S.C. OR EQUIVALENT EXAM SCIENCE

| | |
|---|---|
| 1. Shri Sevantilal Kantilal Prize | 1st Highest Mark |
| 2. Shri Nipun Kapurchand Sonawala Prize | 2nd Highest Marks |
| 3. Smt. Jivibai Laherchand Kotawala Prize | 3rd Highest Marks |
| 4. Shri Prvinchandra Chimanlal Kilachand Science Prize | Highest Marks in Science Subject |
| 5. Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 6. Shree Patan Jain Mandal Additional Prize | 70% & up marks to all students |

### COMMERCE

| | |
|---|---|
| 1. Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 1st Highest Mark |
| 2. Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 2nd Highest Marks |
| 3. Kum. Khushboo Kartik Navinchandra Shah Account Prize | Highest Marks in Account (B.K.) |
| 4. Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. Shree Patan Jain Mandal Additional Prize | 65% & up marks to all students |

### ARTS

| | |
|---|---|
| 1. Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. Shri Maneklal Gabhruchand Shah Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 3. Shree Patan Jain Mandal Additional Prize | 66% & up marks to all students |

### MERIT PRIZES FOR COMMON-ENTRANCE EXAMS ENGG/MEDICINE-MERIT PRIZES FOR DEGREE COURSE STUDENT B.COM. (FINAL)

| | |
|---|---|
| 1. Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Com. Prize | 1st Highest Mark |
| 2. Smt. Bhagwatiben Mafatlal (Babubhai) Shri Laxmichand Shah B.Com. Account Prize | Highest Marks in Account Subject |
| 3. Shree Patan Jain Mandal Additional Prize | 60% up to marks to all students |

### B. Sc. (FINAL)

| | |
|---|---|
| 1. Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Sc. Prize | 1st Highest Mark |
| 2. Shree Patan Jain Mandal Additional Prize | 60% & up marks to all students |

### B.A. (FINAL)

| | |
|---|---|
| 1. Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. Shree Patan Jain Mandal Additional Prize | To all students |

### C.A. (FINAL) AND CS (FINAL)

| | |
|---|---|
| 1. Shri Mafatlal (Babubhai) Laxmichand Shah Bhupendra & Parendra Chartered Accountant Prize | 1st Highest Mark |
| 2. Shree Patan Jain Mandal Additional Prize | To all students |

## MERIT PRIZES FOR POST GRADUATION STUDENTS (DEGREE COURSE) M.Sc. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Smt. Renukaben Pravinchandra Chimanlal Jhaveri Post Graduation Prize | 1st Highest Mark obtained by Girl Student |
| 2. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## M.COM. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## M.A. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## MERIT PRIZE FOR POST GRADUATION STUDENTS (DIPLOMA COURSE)

| | | |
|---|---|---|
| 1. | Shree Gulabchand Manilal Shah Diploma Management Prize | For Diploma in Management |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students in Diffierent Faculties |

## MEDICAL COURSES M.B.B.S. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Dr. Vijay Jayantilal Patani Marriage Medical Prize | Highest Mark |
| 2. | Dr. Dhiren Ramanlel Shah Medical Prize | Highest Mark |
| 3. | Shri Jayantilal Chandulal Shroff Memorial Prize | Highest Mark |
| 4. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## M.S. (ANY FACULTY)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## M.D. (GENERAL MEDICINE)

| | | |
|---|---|---|
| 1. | Dr. Jayantilal Chandulal Shroff Memorial Medical Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## M.S. (ANY FACULTY)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## B.D.S. (DENTIST)

| | | |
|---|---|---|
| 1. | Smr. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## M.D.S. (DENTIST)

| | | |
|---|---|---|
| 1. | Smt. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## B.H.M.S./L.C.E.H. (HOMEOPATHY)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Medical Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## G.F.A.M. (AYURVEDIC)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Medical Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## ENGINEERING COURSES

| | | |
|---|---|---|
| 1. | Shri Hasmukhbhai Balubhai Shah Engineering Prize | Highest Marks in Any Faculty of Engineering |
| 2. | Shri Hitenbhai Pravinchandra Jhaveri Engineering Prize | Engineering Graduation or Equivalent Exam |
| 3. | Shri Balubhai Nanalal Shah Electronic Technical Prize | Electronic or Technical Study on Merit Basis |
| 4. | Shri Bhikhachand Godadchand Public Charitable Trust Technical | Prize For Technical Study |
| 5. | Smt. Chandanben Maneklal Bhikhachand Prize | Girls Student for Technical Study on Merit |
| 6. | Smt. Ashrumati Kantilal Kapadia Prize | Any Faculty of Engineering Exam on Merit |
| 7. | Shree Gulabchand Manilal Shah Software Technology Prize | For Software Technology Study |
| 8. | Smt. Ramaben Jayantilal Fatehchand Shah Prize | For Architect Study |
| 9. | Shree Patan Jain Mandal Prize | To all Students of any Fculties of Eng. Exam |

## MASTER OF BUSINESS ADMINISTATION (M.B.A.)

| | | |
|---|---|---|
| 1. | Kum. Dharini Prithviraj Chandulal Shah Marriage Prize | Highest Marks obtain in M.B.A. or M.M.S. |

## MASTER OF MANAGEMENT STUDIES (B.M.S.)

| | | |
|---|---|---|
| 1. | Kum. Dharini Prithviraj Chandulal Shah Marriage Prize | Highest Marks obtain in B.M.S. |

## MISCELLANEOUS HUNNAR UDYOG

| | | |
|---|---|---|
| 1. | Smt. Jasudben Fatehchand Lallubhai Prize | Technical-Trade Course of Hunner Udyog |

## PERFORMING ARTS

| | | |
|---|---|---|
| 1. | ShrI Fatehchand Lallubhai Shah Lalitkala Promotion Prize | Specific Achievement in Performing Arts |

## SPORTS

| | | |
|---|---|---|
| 1. | Shri Sadhanaben Mahendrakumar Popatlal Shah Sports Prize | Best Performance in Organised Sports Competetion |

## RELIGIOUS STUDY

| | | |
|---|---|---|
| 1. | Smt. Taraben Manilal Gabhruchand Shah Dharmik Prize | Highest Marks obtained in Religious Examination conducted by Jain Organisation |
| 2. | Shri Fatehchand Lalubhai Shah Sport Prize | Best Performance in Cricket, Indoor Outdoor game of Any Specific Sports |

**વ્યાખ્યાનમાળા (પાનુ નં. ૧૫થી ચાલુ)**

**(૪) પાપ તત્વઃ** તેના ૮૨ ભેદ છે. ૪ ઘાતી કર્મ આત્માના મૂળ ગુણોનો ઘાત કરનારા છે. આ પાપ પ્રકૃતિ છે. પાપ ૧૮ પ્રકારે બંધાય, જે ૧૮ પાપ સ્થાનક છે તેમાં સૌથી વધારે ખરાબ ૧૮મું પાપ સ્થાન છે મિથ્યાત્વ.

**(૫) આશ્રવ તત્વઃ** તેના ૪૨ ભેદ છે. આશ્રવ એટલે આત્મા ઉપર કર્મોનું આવવું. પાંચ ઈન્દ્રિયો, ૪ કષાય, ૫ અવ્રત, ૩ યોગ અને ૨૫ પ્રકારની ક્રિયા દ્વારા આશ્રવ થાય છે. ૫ + ૪ + ૫ + ૩ + ૨૫ = ૪૨ ભેદ આશ્રવના છે.

**(૬) સંવર તત્વઃ** આશ્રવનું પ્રતિપક્ષી સંવર છે. સંવર એટલે આવતા કર્મને રોકવા. તેના ૫૭ ભેદ છે. ૫ સમિતિ + ૩ ગુપ્તિ + ૨૨ પરિસહ + ૧૦ પ્રકારનો યતિધર્મ + ૧૨ ભાવના + ૫ ચારિત્ર = ૫૭ ભેદ

**(૭) નિર્જરા તત્વઃ** આ પાવન તત્વ છે. પુણ્યથી સામગ્રી મળે પણ નિર્જરાથી કાર્મક્ષય થાય. ૧૨ પ્રકારનો તપ નિર્જરા કરાવે. ૬ પ્રકારનો બાહ્ય તપ છે. ૬ પ્રકારનો અભ્યંતર તપ છે.

**૬ બાહ્યતપના પ્રકારમાં - અનશન, ઉણોદરી, રસત્યાગ, વૃત્તિસંક્ષેપ, કાયક્લેશ અને સંલીનતાનો** સમાવેશ થાય છે.

સંલીનતા એટલે માત્ર શરીરને સંકોચવું તેટલું જ નહીં પણ પરિગ્રહને પણ સંકોચો, તે સંલીનતા છે. જીવનમાં પરિગ્રહ ઓછો કરવાનો.

અભ્યંતર તપ ૬ પ્રકારે છે - પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ.

નિર્વિચાર ધ્યાનનું લક્ષ્ય કેળવો.

આ બધામાં આત્મસ્વરૂપનો વિચાર બધી જગ્યાએ જોડાયેલો છે પણ આપણે તેને ભૂલી ગયા છીએ.

**(૮)** ત્યારબાદ કર્મબંધ તત્વ વિશે સમજાવતા કહ્યું : **કર્મબંધના ૪ પ્રકાર છે - પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ.**

નીર્લેપતા કેળવવાની છે, એ થશે ત્યારે આશ્રવ રોકાશે. અબંધ થશે તો નિર્જરા જલદી થશે.

રોજ પાંચ મિનિટ ધ્યાન કરો. આજે કેટલા પાપ બાંધ્યા તેમાંથી કેટલા છોડવા જેવા હતા તે વિચારો. આશ્રવમાં બંધ કેવી રીતે ઓછો થાય તેની સાવચેતી રાખો. પૂંજણી સાથે રાખીને રસોડુ ચલાવતા આશ્રવ સાથે સંવર પણ થશે.

**(૯) અંતમાં મોક્ષ તત્વ સમજાવતા કહ્યું :** મોક્ષ એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ. અનંત જ્ઞાનમય - અનંત દર્શનમય - અનંત ચારિત્રમય - અનંત મૈત્રી - પ્રમોદ - કરૂણા - માધ્યસ્થ ભાવથી પરિપૂર્ણ.

બીજા જીવો પણ મારા જેવા જ છે તેવું વિચારવાથી ચારિત્રરૂપી ધર્મની પ્રાપ્તિ થાય છે.

અંતમાં વિચારોઃ હું શુદ્ધ છુ - બુદ્ધ છું - નિરંજન છું - નિરાકાર છું અને નિગોદના જીવો પણ મારા જેવા જ છે.

**'નવ તત્વ'ને** સંક્ષિપ્તમાં પણ સચોટ શૈલીથી સુંદર રીતે સમજાવી તેમણે વક્તવ્ય પૂર્ણ કરેલ.

આ પ્રસંગે ઉપસ્થિત પૂ. મુની ભગવંત શ્રી રાજતિલકવિજયજી મ.સા. દ્વારા પણ માંગલિક સંભળાવવામાં આવેલ. કાર્યક્રમને અંતે દાતા પરિવાર દ્વારા પ્રભાવના કરવામાં આવેલ.

❑ **પ્રોગ્રામ સમિતિ**

**સંસ્થા સમાચારઃ** શ્રી પાટણ જૈન મંડળ, સુરત દ્વારા મે-જુન માસ દરમિયાન શાળા-કૉલેજમાં ભણતા દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ફુલસ્કેપ ચોપડા ૧ ડઝન - લાભાર્થી પરિવારોના આર્થિક સહયોગ દ્વારા નિઃશુલ્ક આપવામાં આવેલ.

**શુભ વિવાહ : સંવત ૨૦૭૨, અષાઢ સુદ ૮ મંગળવાર, તા. ૧૨-૭-૨૦૧૬** શ્રી જતીનભાઈ કાંતિલાલ શાહના સુપુત્ર **ચિ. કરણ** (તંબોલીવાડો) શ્રી દિવ્યેશભાઈ હસમુખલાલ મહેતાની સુપુત્રી **ચિ. મૈત્રી.** (વડાલી)

**તપસ્યા અનુમોદના :** પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે આપણા સમાજમાંથી અનેક ભાઈ-બહેનોએ કર્મની નિર્જરા કરનાર **નાનીમોટી તપશ્ચર્યા કરી હશે.** અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસ કરનાર ભાઈ-બહેનોએ પોતાના નામ, ઉંમર, રહેઠાણ વિસ્તાર, પાટણનો મહોલ્લો, તપનો પ્રકાર ઈત્યાદિ વિગતો **મોડામાં મોડી તા. ૧૫-૦૯-૨૦૧૬ સુધીમાં મંડળના કાર્યાલયમાં મોકલવી.** મળેલ તપસ્વીની યાદી આગામી માસના અંકમાં પ્રકાશિત કરવાના પ્રયત્ન કરીશું, **ત્યારબાદ મળેલ વિગતો પ્રગટ કરવામાં આવશે નહીં.** જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

❑ **સંપાદક સમિતિ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | દિનેશભાઈ પ્રેમચંદ શાહ | ૭૨ | લેમીંગ્ટન રોડ | ૧૯-૭-૨૦૧૬ | અષાઢ સુદ ૧૫ |
| વિશા શ્રીમાળી | મણીયાતી પાડો | પ્રેમીલાબેન વિરેન્દ્રભાઈ નગરશેઠ | ૭૦ | પાટણ | ૧૯-૭-૨૦૧૬ | અષાઢ સુદ ૧૫ |
| દશા શ્રીમાળી | કેશુશેઠનો પાડો | નિરંજનભાઈ રસિકલાલ શાહ | ૭૨ | ગોવાલીયાટેન્ક | ૨૧-૭-૨૦૧૬ | અષાઢ વદ ૦૨ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | નિરંજનાબેન મહેન્દ્રભાઈ શાહ | ૭૮ | નેપયન્સી રોડ | ૨૫-૭-૨૦૧૬ | અષાઢ વદ ૦૬ |
| વિશા પોરવાલ | ચિતારાની ખડકી | મંજુલાબેન નવનીતભાઈ પાત્રાવાલા | ૮૦ | કેમ્પસકોર્નર | ૨૭-૭-૨૦૧૬ | અષાઢ વદ ૦૮ |
| દશા શ્રીમાળી | ગોદડનો પાડો | નિતીનભાઈ (બાદલ) પ્રમોદભાઈ સફરી | ૬૫ | મલાડ | ૩૧-૭-૨૦૧૬ | અષાઢ વદ ૧૨ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | પદમાબેન હસમુખલાલ શાહ | ૮૨ | દહીંસર | ૪-૮-૨૦૧૬ | શ્રાવણ સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | અબજીમહેતાનો પાડો | ધર્મેન્દ્રભાઈ કેશવલાલ શાહ | ૭૩ | નવીમુંબઈ | ૮-૮-૨૦૧૬ | શ્રાવણ સુદ ૦૬ |
| વિશા ઓસવાલ | ડંકમહેતાનો પાડો | મિનાક્ષીબેન મહેન્દ્રભાઈ શાહ | ૭૮ | વિરાર | ૯-૮-૨૦૧૬ | શ્રાવણ સુદ ૦૮ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# શ્રી પોપટલાલ ભીખાચંદ સ્મૃતિ વ્યાખ્યાનમાળા અહેવાલ



વક્તા ડૉ. શ્રી અભયભાઈ દોશી (Ph.D.)




શ્રી વિજયભાઈ દોશી અને સાથી વૃંદ

શ્રી પાટણ જૈન મંડળની પ્રોગ્રામ સમિતિ દ્વારા તા. ૧૫-૮-૨૦૧૬ના યોજાયેલ શ્રી પોપટલાલ ભીખાચંદ સ્મૃતિ વ્યાખ્યાન પ્રસંગે **શ્રી વિજયભાઈ દોશી** અને સાથી વૃંદ દ્વારા સુંદર ભક્તિગીતોનો કાર્યક્રમ યોજવામાં આવેલો હતો. ત્યારે ચતુર્વિધ સંઘ ઉપસ્થિત રહેલ.

પરમપદની પ્રાપ્તિ અને તેના અનુગ્રહ માટે છેલ્લે અર્હમ્‌ની ધૂન લેવામાં આવી હતી તેમાં દરેકે દરેક વ્યક્તિએ તાલીઓના તાલ સાથે આ ધૂનને ઝીલી હતી.

આજના વક્તા ડૉ. અભયભાઈ દોશીનો ટૂંકમાં પરિચય શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ દ્વારા આપવામાં આવ્યો હતો. **ડૉ. અભયભાઈ દોશી કાલિના ખાતે મુંબઈ યુનિવર્સીટીના પ્રોફેસર અને ''હેડ ઓફ ગુજરાતી ડીપાર્ટમેન્ટ''** છે. તેઓશ્રીએ **ચોવીશી સ્વરૂપ એક સાહિત્યની દ્રષ્ટિએ** વિષય ઉપર **(Ph.D.)** કરી છે. તેઓશ્રી લોકપ્રિય વક્તા છે અને જૈન યુવક સંઘમાં વ્યાખ્યાનકાર તરીકે પ્રવચન આપે છે.

આજનો એમનો વિષય હતો **''નવ તત્વ'' Nine Fundamental Elements of Jainism** જેના વિના જૈન શાસન અધુરા છે. આ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહના** વરદ હસ્તે તેમનું પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

ડૉ. અભયભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, આ નવ તત્વનો છેલ્લો સાર છે મોક્ષ. નવ તત્વ જાણવાનું હાર્દ છે આત્મ સિદ્ધિ, આત્માની સિદ્ધિ માટે આ નવ તત્વ આવશ્યક છે. આત્મસ્વરૂપને પ્રાપ્ત કર્યા સિવાય જીવની ક્યારેય મુક્તિ નથી.

**તત્વાર્થ શ્રદ્ધાનંમ ઈતિ સમ્યગ્‌દર્શનમ**

પટોળા જેમ પાટણનું રત્ન છે તેમ સમ્યગ્‌દર્શન જૈન શાસનનું રત્ન છે અને આ સ.દર્શનનો જન્મ સ. જ્ઞાનથી થાય છે. જ્ઞાન એ સ. દર્શનની માતા છે. જ્ઞાન એટલે સમજણ જે અધિગમથી, ગુરુવાણીથી પ્રાપ્ત થાય છે તે સ. દર્શન.

ત્યારબાદ નવ તત્વના નામ જણાવે છે : **''જીવ - અજીવ - પુણ્ય - પાપ - આશ્રવ - સંવર - નિર્જરા - બંધ - મોક્ષ''** આખાય જગતને જોવા અને જાણવાની ચાવી આ નવ તત્વ છે. તેમણે કહ્યું : **Fundamental તત્વ બે છે. (૧) જીવ (૨) અજીવ.**

**(૧)** જગતમાં રહેલી ચેતનાવંત વસ્તુઓ તે જીવ છે. વેદના અને સંવેદના તે જીવ તત્વ છે. અક્ષરનો (જ્ઞાનનો) અનંતમો ભાગ જેનામાં ખુલ્લો હોય તે જીવ છે. જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં પણ જીવ છે તે સાબિત કર્યું. UNO માં વનસ્પતિની જાતો નક્કી કરી. આ સંશોધનના આધાર માટે તેમણે જૈન શાસ્ત્ર અપનાવ્યું. તેમણે ૨૧ લાખ વનસ્પતિની જાતો ભેગી કરી છે અને તેમને શ્રદ્ધા છે કે, બીજી ૩ લાખ વનસ્પતિની જાતો મળી જ જશે. એટલે ૨૧+૩=૨૪ લાખ વનસ્પતિની જાતો જે શાસ્ત્રમાં કહી છે તે સાબિત કર્યું.

૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય+૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય = ૨૪ લાખ.

**(૨)** ત્યારબાદ તેમણે અજીવ તત્વ સમજાવતા કહ્યું કે તેમાં મુખ્ય પાંચ દ્રવ્ય છે.

**(અ) ધર્માસ્તિકાય :** આ દ્રવ્ય ગતિ સહાયક છે. પાણીમાં પડતા તરી શકાય છે તેનું કારણ ધર્માસ્થિકાય છે જે જીવને ગતિ આપવામાં સહાયક છે. **ચલણ સહાવો ધમ્મો** - આ ધર્માસ્તિકાય દ્રવ્ય છે. જે લોકાકાશમાં વ્યાપ્ત છે.

**(આ) અધર્માસ્તિકાય :** આ સ્થિતિ સહાયક દ્રવ્ય છે, જે જીવને સ્થિર કરવામાં સહાયક છે અને તે પણ લોકોકાશમાં વ્યાપ્ત છે.

**(ઇ) આકાશાસ્તિકાય :** It provides space **અવગાહો આગાસં** આ દ્રવ્ય અવગાહના આપે છે.

**(ઈ) પુદ્‌ગલાસ્તિકાય :** આ જગતમાં પુદ્‌ગલ બધે જ વ્યાપ્ત છે અને **પુદ્‌ગલના લક્ષણ છે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ.** જે પુરણ અને ગલનના સ્વભાવવાળુ છે તે પુદ્‌ગલ કહેવાય છે.

**(એ) કાળ :** આ તત્વ બધામાં પરિવર્તન લાવે છે. વર્તના એ કાળ તત્વ છે. તે અઢી દ્વીપમાં છે, લોકાકાશમાં છે. સૂર્ય અને ચંદ્ર દ્વારા તેનો અનુભવ થાય છે.

ત્યારબાદ તેમણે અજીવ તત્વના ૧૪ ભેદ ટૂંકમાં કીધા.

**(૩) પુણ્ય તત્વઃ** પુણ્ય તત્વના ૪૨ ભેદ છે. તેમાં મહત્વના ભેદ છે. પંચેન્દ્રિયપણુ, પ્રથમ સંઘયણ જે શુક્લ ધ્યાન ધ્યાવવા માટે જોઈએ. પુણ્ય એ સોનાની બેડી છે. માટે પુણ્ય હેય પણ છે (છોડવા યોગ્ય પણ છે) અને ઉપદેય પણ છે (ગ્રહણ કરવા યોગ્ય પણ છે). પુણ્યના ઉદયકાળમાં નવું પુણ્ય કમાવવું તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય.

પુણ્ય ૯ પ્રકારે બંધાય - (૧) અન્નનું દાન કરવાથી (૨) પાણીનું દાન કરવાથી (૩) વસ્ત્રનું દાન કરવાથી (૪) આસન આપવાથી (૫) શયન આપવાથી (૬) સ્થાન આપવાથી (૭) મન વચન કાયાની શુભ વિચારણાથી (૮) દેવગુરુ ધર્મને નમસ્કાર કરવાથી (૯) શુભ ભાવના ભાવવાથી.

**(વધુ માટે જુઓ પાનુ નં. ૧૪)**

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2016.
PATAN PRATIBIMB • August 2016 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every

## સાભાર સ્વીકાર

**અતિથિગૃહ રીનોવેશન ભેટ**

૧,૫૦,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ રીખવચંદ શાહ (બ્રાહ્મણવાડો)

**મેડીકલ સહાય કોરપસ ફંડ/શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ (ખેતરવસી) પૂ. પિતાશ્રી કાંતિલાલ મણીલાલ શાહ તથા પૂ. માતુશ્રી વિમળાબેન કે. શાહના આત્મશ્રેયાર્થે

**દવા સહાય ભેટ**

૨૧,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ કાંતિલાલ મંગળચંદ શાહ (ભાભાનો પાડો) (નેત્ર ચિકિત્સા સારવાર માટે)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૧,૦૦૦/- સ્વ. શ્રી ફાલ્ગુની ચીનુભાઈ શાહ હ. શ્રીમતી પ્રવિણાબેન ચીનુભાઈ શાહ (ખડાખોટડીનો પાડો) (કાર્યશાળાના બેસતા મહિને ભોજનાર્થે)

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી કાંતાબેન એન. શાહ
૫,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન રાઠોડ

## શ્રી પાટણ જૈન મંડળ

**આયોજિત**

**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા**

**પ્રેરિત**

## સમૂહલગ્ન સમારોહ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે છવ્વીસમાં સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક: સંવત ૨૦૭૩, મહા સુદ ૯**
**રવિવાર, તા. ૫-૨-૨૦૧૭**

સમૂહ લગ્નમાં જોડાવવા અંગેની માહિતી ફોર્મ તા. ૧૦-૮-૨૦૧૬થી મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૧૬ છે.

વધુ માહિતી માટે સંપર્ક:
શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય - ૨૨૮૧૧૩૪૬

## પ્રિપાયમરી શિક્ષણ સહાય

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના પ્લેગ્રુપ, સિનિયર, જુનીયર કે.જી.માં અભ્યાસ કરતા બાળકોના શિક્ષણ અંગેના ખર્ચમાં સહાયક થવાના શુભ આશયથી પોળની શેરીના મૌલિકકુમાર દિવ્યબાળાબેન નવિનભાઈ શાહના સ્મરણાર્થે મંડળમાં સખાવત પ્રાપ્ત થતાં પ્રિપાયમરી શિક્ષણ સહાય શરૂ કરવામાં આવેલ છે.

સમાજના છ વર્ષ સુધીના બાળકોના ઉપર્યુક્ત શૈક્ષણિક ફી ખર્ચમાં સહાય લેવા ઈચ્છતા આર્થિક જરૂરિયાતવાળા પરિવારોએ તે અંગેનું જરૂરી અરજીફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સઘળી વિગતોસહ મોકલાવી આપવા વિનંતી છે. ❑ **શિક્ષણ સમિતિ**

### Programs for September 2016

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| | **પર્યુષણ મહાપર્વની ધર્મમય આરાધના અને મિચ્છામી દુક્કડ્મ** | | | | | | |
| 1 | Pro. & V.Parle | Sat | 24-Sept. | Bhad V | 6 pm | Jasoda Rang Mandir | Dandia Ras |

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Eco & Soc.uplif | Sun | 2-Oct. | Asho S 1 | 9 am | Sahara Star Hotel | Trad Fair |
| 2. | Sport | Sun | 11-Dec. | Mag S 12 | 9am to 4 pm | Uni. Ground Marinedrive | Outdoor Games |
| 2. | Program | Sun | 5-Feb | Mah S 9 | ... | ... | Samuh Lagan |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,